# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/209 Dt. 14/11/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## સાર ઈન્ફ્રાકોન અને ચેમ્બરના સરસાણા સ્થિત સેમિનાર હોલ– Aને ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ નામ અપાયું

**સુરતઃ** સાર ઇન્ફ્રાકોન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર કેમ્પસમાં આવેલા સેમિનાર હોલ– A માટે નામકરણ સમારોહ યોજાયો હતો. સેમિનાર હોલ– Aને ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ તરીકે નામ આપવામાં આવ્યું હતું, જેમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આઇ.જે. દેસાઇએ મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આઇ.જે. દેસાઇએ મિત્ર તરીકે ઉષાકાંત કંચનલાલ મારફતિયાની સાથેના પોતાના સંસ્મરણો તાજા કર્યા હતા.

સમારોહ દરમિયાન ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રજનિકાંત મારફતિયા તથા શ્રી આઇ.જે. દેસાઇનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મારફતિયા પરિવારના સભ્યો શ્રીમતી વિભાબેન મારફતિયા અને શ્રી રજનિકાંત મારફતિયાએ પરિવારના વરિષ્ઠ સભ્ય ઉષાકાંત મારફતિયાના સ્મરણોને તાજા કર્યા હતા.

સાર ઇન્ફ્રાકોનના ચેરમેન શ્રી ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, સુરતના ઔદ્યોગિક વિકાસમાં ચેમ્બરની ભૂમિકા અદ્ભૂત રહી છે અને મારફતિયા પરિવારનું યોગદાન હંમેશા યાદગાર રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, આ હોલનું નામકરણ તેમના યોગદાનને સમર્પિત છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર અને સાર ઇન્ફ્રાકોન વચ્ચેના સહકારથી સુરતને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ પ્રાપ્ત થઈ રહી છે. ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ, ભવિષ્યમાં અનેક અગત્યના વ્યાપારિક અને ઔદ્યોગિક કાર્યક્રમોનું કેન્દ્ર બનશે.

સાર ઇન્ફ્રાકોનના ડિરેકટર શ્રી અશોક શાહે સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સાર ઇન્ફ્રાકોન અને ચેમ્બરના પદાધિકારીઓ, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ, ગુજરાતના રાજ્ય કક્ષાના પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી નાનુભાઇ વાનાણી, રિલાયન્સના શ્રી હેમંત દેસાઇ અને શ્રી જે. રઘુનાથ, ઉદ્યોગ સાહસિકો, આમંત્રિતો તથા મારફતિયા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનું સંચાલન કર્યું હતું. આ સમારોહમાં ચેમ્બરના મોટા ભાગના તમામ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.